સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જડબાંતોડ જવાબ દઇ જડબાં તૂટી ગયાં!
આ બહુચર-ભક્તો ચર્ચાના તબોટે છૂટી ગયા!
ફૂટી ગયાં નશીબ ભીરૂની સેનામાં ભરાઇને -
રડી રડી શહીદ પત્નીઓનાં આંસુ ખૂટી ગયા..

આમ ને આમ,
થઇ જશે શહીદ -
સંપૂર્ણ સેના!!

નક્ષલો અને
નાપાક સીમા વચ્ચે -
ભિંસાય સેના..

ચિંતન

વિહાય પૌરૂષં યો હિ દેવ મેવાવલંબતે । પ્રાસાદ સિંહ વત્તસ્ય મૂધ્નિ તિષ્ઠન્તિ વાયસઃ ॥

જે માણસ પુરુષાર્થ છોડીને દૈવ-નસીબ ભાગ્ય પર જ અવલંબન રાખે છે તેની દશા રાજમહેલના પ્રવેશદ્વારની આજુબાજુના મૂકેલા સિંહ જેવી હોય છે, એ સિંહો પર બેસી કાગડો પણ વિષ્ટા કરી શકે છે.'

'નશીબ' અને 'પુરુષાર્થ'ની આપણે ખોટી રીતે સાંકળી ગૂંચવી નાખીએ છીએ, ખાસ કરીને આળશુ લોકો આમાં મોટો અને ખોટો ભાગ ભજવે છે. આળશુ લોકોને કામમાં - મહેનતમાં પ્રવૃત્ત થવું નથી અને 'ભાગ્યમાં હશે તો...' 'ભગવાન ભરોસે...' 'નશીબમાં જેમ લખ્યું હશે એમ થશે' જેવાં બહાનાં બતાવી પરિશ્રમ-મહેનતથી દૂર ભાગે છે.

માણસે કર્મ-પુરુષાર્થ-તો સાચા પરિશ્રમ પૂર્વક કરવો જોઇએ પછી તેનું પરિણામ ઇશ્વર-નશીબ-વિધાતા પર છોડી દેવું જોઇએ. ગીતાજી પણ આવી જ સલાહ આપે છે. નિર્લેપ રહી કામ કર ફળની આશા ન રાખ.'

શક્તિમાન પુરુષો માથે હાથ દઇ બેઠો હોય તો સદાય બિચારો-બાપડો જ રહે છે.

સુવિચાર

- જીવનમાં હાસ્યની પણ એક વિરલ-દુર્લભ ભેટ છે.. જીવનને માણવા માટે હસતાં અને હસાવતાં આવડી જાય તો જીવનયાત્રા સુખરુપ અને ભાર વિનાની બની જાય છે - શાહબુદ્દિન રાઠોડ
- પુરુષાર્થ આપણે જીંદગીને સજાવવા કરીએ છીએ.. અને સમર્પણ જીંદગીને સ્વીકારવા માટે થાય છે... સાક્ષીભાવે જીંદગી જોનારાને સુખનો ઓડકાર નથી આવતા અને દુ:ખના ઉપવાસ ભારે નથી પડતા - ચિત્રલેખા
- જેને માણ્યા પછી પસ્તાવો ન કરવો પડે એનું નામ આનંદ - સોક્રેટિસ
- જગતની અભેરાઇ પર 'ઇશ્વર' એક તરત ઉપયોગી થાય એવો સંદર્ભ ગ્રંથ (રેફરન્સ બુક) છે જે હંમેશા હાથવગો હોવા છતાં આપણે ભાગ્યે જ તેનો ઉપયોગ કરીએ છીએ - દાગ હેમરશીલ્ડ
- જે વિશેષભાવે કોઇ નો નથી તે સાધુ... વર્ષોની જેમ સર્વનો આપ્તજન છે તે જ સાધુ કહેવાય - એસ. ભટ્ટાચાર્ય
- દર્શન નયનનાં પામવા, દૃષ્ટિ થવું પડે... ખુદને નિહાળી ન શકો, દર્પણ ધર્યા વગર - મનહર મોદી
- જેણે દિલથી ભક્તિની ફસલ કરી છે તેણે શા માટે મોક્ષ અને મુક્તિની ખેતી કરવા જવું પડે? - ઝેન કથન

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આજકાલ સૌને પ્રજાજનો-અધિકારી-પ્રધાનોને કૌભાંડો કરી, મકાન-પ્લોટ-એફડીમાં કરોડો-અબજો રોકી ધનસંચયનો રોગ લાગ્યો છે, માણસને બે ટંક દાલ રોટી સિવાય ખરેખર કોઇ જ જરૂરિયાત નથી પણ એ એમની સમજમાં હોસ્પિટલના ખાટલે અંતિમ ક્ષણે જ સમજાય છે..

ભગવાન બુદ્ધ વિહારમાં હતા બપોરના તડકામાં એક વૃક્ષ નીચે વિરામ લીધો. એમની સાથેના અનુયાયી ભિક્ષુઓના માથે વજનદાર પોટલા હતાં. એમાં રાજયાશ્રયમાંથી મળેલાં ઉપહાર-વસ્ત્રો હતા. પોટલા માથે ઉપાડી ભિક્ષુઓ થાક્યા હતા. બધા હાશ! કરી થાક ખાવા બેઠા..

ભગવાન બુદ્ધને શિષ્યોની આ સંગ્રહવૃતિ ન ગમી. તેના મુખ્ય શિષ્યને પુછ્યું - પુત્ર! આપણને-ભિક્ષુઓને શિયાળા-ઉનાળા-ચોમાસાં સહિત કુલ્લ કેટલાં 'ચીવર'ની જરુર પડે?! (ચીવર એટલે બૌધ સાધુને પહેરાવવાનું વસ્ત્ર) - શિષ્ય આનંદ કહ્યું, ભગવંત! વધારેમાં વધારે ત્રણ ચીવર હોય તો આખું વર્ષ ચાલી જાય!

ભગવાન બુદ્ધે-શિષ્યોને તરત આદેશ આપ્યો. ત્રણ ચીવરથી વધારેનો સંગ્રહ કષ્ટદાયી છે. ભિક્ષુની આવી સંગ્રહવૃત્તિ સાધુજીવનને બાધક બને છે.

Email - sureshchandrabhatt18@gmail.com

વડાપ્રધાન સામે વકરતા જતા પડકારો

તંત્રી સ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વધુ ને વધુ આક્રમક વલણ અપનાવી એમની કહેવાતી છપ્પનની છાતીની મજાક ઉડાવી છે. મોદીએ દેશની પ્રજામાં મોટી મોટી આશાઓ જગાડી હતી. 'છપ્પનની છાતી' એ એમની ખુમારી અને ખુદ્દારી વ્યક્ત કરતો શબ્દસમૂહ હતો, જે તેઓ ગર્વભેર સામા પક્ષના નેતાઓને પડકારવા માટે છૂટથી વાપરતા રહ્યા છે. સત્તા પર આવ્યા પછી પણ મોદીએ બીજા નેતાઓ કરતાં પોતે કંઇક જુદી માટીના હોવાની પ્રતીતિ કરાવતા નિર્ણયો લેવામાં પાછી પાની નહોતી કરી. એમણે નહેરુવંશી રાજકારણને નેસ્તનાબૂદ કરી બધી યોજનાઓનાં નામ બદલી નાખ્યાં હતાં અને જયાં જયાં અવકાશ લાગ્યો ત્યાં ભાજપના આદિપુરુષ દીનદયાળ ઉપાધ્યાયનું નામ જોડી દીધું. વર્ષ દરમિયાન લગભગ પોણા ભાગની દુનિયાની મુલાકાત લઇને દેશી ભાષામાં કહીએ તો 'ડંકો વગાડી દીધો.' ખુદ કોંગ્રેસી નેતા શશી થરુરે મોદી વિશેના એક પુસ્તકનું વિમોચન કરતાં એમની પ્રશંસા કરતાં કહ્યું કે મોદીની ઉર્જાથી રાજદ્વારી સંબંધોને નવો આયામ મળ્યો છે એક તરફ રાહુલ ગાંધી મોદી વિરુદ્ધ દેશભરમાં ફરી ફરીને પડકાર ફેંકતા ફરે છે અને એમને ખેડૂત વિરોધી તેમ જ સરમુખત્યાર ચીતરવા કોશીશ કરી રહ્યા છે તો બીજી તરફ સત્તાપરસ્ત કોંગ્રેસીઓ ભાજપના મધપૂડાની આસપાસ આંટાફેરા મારે છે. મોદી વિરુદ્ધ વધુ ને વધુ મુદ્દાઓ કોંગ્રેસના ભાથામાં આવી રહ્યાં છે. રાજસ્થાનનાં મુખ્યમંત્રી લલિત મોદી કાંડ સાથે સંડોવાયાં છે તો શિવરાજસિંહ ચૌહાણ વ્યાપમ કૌભાંડથી ઘેરાયેલા છે. વિદેશમંત્રી સુષમા સ્વરાજનું લલિત કનેકશન આખી દુનિયાની આંખે ચડેલું છે. મોદી આ બધા મુદ્દાઓ પરત્વે મૌન રહ્યા છે. રાહુલ ગાંધી પાસે ખેડૂતોની નારાજગી વહોરનારા જમીન સંપાદન બિલનો મુદ્દો હાથવગો છે. તેઓ જયાં જાય છે ત્યાં આ મુદ્દે મોદીની છપ્પનની છાતીને વેતરી નાખવાની વાત કરે છે. મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં મુફતી સરકારને ટેકો આપીને નવી મુસીબત વહોરી છે. અગાઉની ઉમર અબ્દુલ્લાની સરકાર વખતે પ્રમાણમાં અલગતાવાદી પરિબળો નિયંત્રણમાં હતાં. મુફતી-ભાજપની સરકાર આવ્યા પછી જાણે છૂટો દોર મળી ગયો હોય એમ છાશવારે પાકિસ્તાની ઝંડા અને આઇએસઆઇએસના ઝંડા લહેરાવાય છે અને ભારત વિરોધી તથા પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર થતા રહે છે. તાજેતરમાં જમ્મુ પંથકમાં અરૂણ જેટલીના કોંગ્રેસી સસરાની શતાબ્દી વખતે મોદીએ ફરી એક વાર રોબર્ટ વાડરા સામે નિશાન તાકીને નહેરુ-ગાંધી પરિવારને પડકારવાની કોશીશ કરી છે. એ જ વખતે નજીકના વિસ્તારોમાં પાકિસ્તાનના ઝંડા ફરકાવાઇ રહ્યા હતા. કાશ્મીર પ્રશ્નના ઉકેલ વગર પાકિસ્તાન સાથે કોઇ પણ પ્રકારના સાર્થક સંવાદ શક્ય નહીં હોવાનું ગાઇ-વગાડીને કહેવામાં આવતું હોવા છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાક વડાપ્રધાન સાથે ગુફતેગુ કરતા રહે છે. ટૂંકમાં મોદીની સરકાર આવ્યા પછી પાકિસ્તાન વધારે ફૂંગર્યું છે. આ બધા મુદ્દાઓની સામે મોદી પાસે ફક્ત 'જમાઇરાજ' નો મુદ્દો છે, તે કેટલો કારગત નીવડશે એ તો સમય જ કહેશે.

માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોને તેમના ભરણપોષણ અને કલ્યાણ માટેનો અધિનિયમ-૨૦૦૭ અસ્તિત્વમાં છે જે ધી મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સીનિયર સિટિઝન્સ એક્ટ-૨૦૦૭ છે

આપણે આ કોલમમાં ઘણાંબધા અલગ અલગ કાયદાઓની ચર્ચા કરી છે. મહિલા અને બાળકોના મોટા ભાગના કાયદાઓ વિશે માહિતી મેળવી છે અને એમ કાનૂની સાક્ષરતાનો સંદેશો આ કોલમના માધ્યમથી પહોંચાડવાની કોશિષ કરી છે. માત્ર સંદેશો જ નહિં પરંતુ આ કોલમ વાંચીને વિશાળ વાચક વર્ગ તરફથી પણ પ્રતિસાદ મળ્યો છે. અનેક વાચકોની આપસાસ બનતી ઘટનાઓ અંગે પણ જાગૃત થઈને જે તે વાચકે અમારી પાસે કાયદા સંદર્ભેની જાણકારી પણ મેળવવા કોશિષ કરે છે.

ગત્ અંકમાં આપણે જોયું કે કોઈ એક અંતરીયાળ ગામડાની બહેન પોતાની પાસે ભરણપોષણ કરવા માટે કોઈ સંસાધનો નહિં હોવાથી ઈચ્છા મૃત્યુની માંગણી હાઈકોર્ટ સમક્ષ કરે છે જયારે આ બાબતની ચર્ચા વર્તમાનપત્રો અને વિજાણુપ્રચાર માધ્યમો દ્વારા થઈ રહેલ છે ત્યારે અનેક લોકોએ માતાપિતા અને વિરિષ્ઠ નાગરિકોના ભરણપોષણના ખાસ કાયદા વિશે જાણવા ઉત્કંઠા બતાવી છે અત્રેએ બાબતની નોંધ લઈએ કે માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોને તેમના ભરણપોષણ અને કલ્યાણ માટેનો અધિનિયમન - ૨૦૦૭ અસ્તિત્વમાં છે જે ધી મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સીનિઅર સિટિઝન્સ એક્ટ, ૨૦૦૭ છે.

આ પ્રકારનો ખાસ કાયદો શા માટે ઘડવામાં આવ્યો છે તેના મૂળમાં જઈએ તો, વૃધ્ધાશ્રમ ચલાવતા હોવાને કારણે અનેક માતાપિતાઓની આંતરીક વેદના અને વ્યથાથી ઘણાં પરિચિત છીએ. બે પેઢીના અંતરને કારણે ઘરમાં કજીયા - કંકાસ થાય તે એક બાબત છે પરંતુ જેણે આખી જીંદગી મહેનત કરીને પોતાના સંતાનોને મોટા કર્યા હોય અને જયારે વૃધ્ધત્વને આરે ઉભા હોય ત્યારે પોતાના જ ઘરમાંથી કોઈ ઝાકારો આપે તે સહન કરવું ઘણું મુશ્કેલ હોય છે. ઉદાહરણથી વાત કરુ તો,

થોડા સમય પહેલા રમેશદાદાને તેના વિસ્તારના ભાઈઓ અમારા કેન્દ્રો ઉપર લઈને આવ્યા. આ ભાઈઓ રાજકોટમાં જે વિસ્તારમાં રહેતા હતા તે વિસ્તારથી પણ અમો ખાસ પરિચિત અને તેથી અમોને એમ થયું કે અમારા મહિલા કેન્દ્રમાં આટલાં બધા ભાઈઓ અને એક દાદા કેમ આવ્યા ?

રમેશદાદાની વાત જાણવાની કોશિષ કરી. છેલ્લા ૧૫ દિવસથી આ રમેશદાદા એ વિસ્તારના બગીચામાં રાત્રે સુઈ રહેતા. રમેશદાદાના ઘરે બંને દિકરાઓની વહુઓ આવતા બંને વહુને દાદા-દાદી ગમતા નહીં. રમેશભાઈ અને તેના પત્ની કલાબેન રોજ નાહી ધોહીને મંદીરે જાય, પુજા-પાઠ કરે અને શરૂઆતમાં તો બંને પુત્રવધૂઓ રસોઈ બનાવતી પરંતુ ધીમે ધીમે આ પુત્રવધૂઓને એમ થયું કે આ લોકો કાંઈ જ કામ ન કરે તેવુ ચાલે નહીં અને બંને વહૂઓએ રમેશભાઈ અને કલાબેનને ઘરકામમાં સામેલ થવાં દબાણ કરવા માંડયું. કલાબેને તો આખી જીંદગી ઘરકામ કરેલ તેથી તેઓને તો એ બાબતે બહુ વાંધો ન લાગ્યો, ૭૦ વર્ષની ઉમરે કચરા કાઢી ન શકે તેમ છતાં ધીમે ધીમે ઘરમાં કચરા વાળવા અને નાનુ મોટું કામ કરવા કોશિષ કરતાં. રમેશભાઈ આ બાબતમાં સંમત ન હતા. રમેશભાઈને ઘર છોડવા મજબૂર થવું પડયું. રમેશભાઈ ઘર સામેના બગીચામાં સૂઈ રહેતા અને આ બધા વિસ્તારના ભાઈઓ કોઈ નાસ્તો કરાવે તો વળી કોઈ જમાડે તેમ રમેશભાઈને મદદરૂપ થતાં. બન્યું અવું કે આ બધા ભાઈઓના ઘરના સભ્યોએ પણ કહયું કે રમેશભાઈને તેમની દિકરાની વહુ ન જમાડે તો અમે કેમ જમાડીએ ? રમેશભાઈએ નકકી કયું કે કોઈ આશ્રમમાં જ આશરો લઈએ. અમારા આશ્રમમાં રહેવા માટે રમેશદાદા આવ્યા હતા.

રમેશદાદા આશ્રમમાં રહેવા આવ્યા અને વારંવાર જણાવે કે કલાને મુકત કરાવો. રમેશભાઈ આખી જીંદગી પોતાની દુકાન ચલાવી હતી અને તેઓની માલીકીની દુકાન જ તેઓના દિકરા સંભાળતા હતા. નાની મોટી બચત કરીને, સંકડામણના દિવસો કાઢીને નાનું એવું ઘર પણ બનાવ્યું હતું. રમેશદાદાની વાત તો બહુ લાંબી છે પરંતુ કલાબેન પણ સાથે આશ્રમમાં રહેવા આવ્યા. રમેશભાઈ અને કલાબહેને પ્રથમ તો પોતાના સંતાનો સામે કોઈપણ પ્રકારના કેસ કરવાની કોઈ સંમતી દર્શાવી ન હતી પરંતુ સવાલ એ કેસ કરવાનો ન હતો તેમના દિકરાઓ જે ફરજ ચૂકી ગયા હતા તે ફરજનું ભાન કરાવવાનું હતું. રમેશભાઈના કેસમાં તો તેમની કમાણીના દિકરાઓ રહેતા હતા અને રમેશભાઈની દુકાન જ દિકરાઓ ચલાવતા હતા તેવું ન હોય તો પણ 'માતાપિતાનું ભરણપોષણ કરવાની પુખ્ત વયના સંતાનોની કાયદેસર જવાબદારી છે'.

બીજા એક મુકતાબેનને યાદ કરું તો પતિ કરોડપતિ અને સોની મહાજન પતિનું અવસાન થયું. મુકતા મા ને બે દિકરાઓ, એક દિકરો મુંબઈ રહે અને એક દિકરો દેશમાં ગામડે રહે. મુકતામા પ્રથમથી જ ગામડે રહેતા હતા. પતિના અવસાન બાદ જે દિકરો અને વહુ સાથે રહેતા હતા તે લોકોને એમ જ થાય કે તેમના પિતાએ મુંબઈવાળા દિકરાને વધારે સાચવ્યો છે. દરેક માતાપિતાને પોતાના સંતાનો સાથે એક સરખો વહેવાર રાખે છતાં ઘણાં સંતાનોને એવું જ લાગે કે તેઓના માતાપિતા ભેદભાવ રાખે છે એમાં પણ જયારે પિતાનું અવસાન થાય ત્યારે માતા ફરજિયાત પણે દિકરા સાથે રહેતી હોય છે. જયારે કોઈ દિકરો એમ કહે કે 'મારી માતા મારી સાથે રહે છે ત્યારે મને તો એમ જ લાગે કે એ દિકરાએ એમ કહેવું જોઈએ કે હું માતા સાથે રહું છું' ખેર, મુકતામાની વાત ઉપર આવીએ તો,

મુકતામા એ ગામડાના એસ.ટી.ડી. પી.સી.ઓ પરથી મને ફોન કર્યો કે રાજકોટ પહોંચુ છું, મને તેડી જજો અને આશ્રમમાં આશ્રય આપજો. અમો તો મુકતા મા ને ઓળખતા ન હતા પરંતુ હવે કોઈ વૃધ્ધ ઉમરના માતાને આવી રીતે ફોન આવ્યો હોય તો લેવા તો જવું પડે ને ?

મુકતામા ને અમારી પાસે આવવાનું થયું, મુકતા મા ની વાત સાંભળતા એમ લાગ્યું કે મુકતા મા શા માટે આશ્રમમાં રહે ? મુકતા મા ના નામે સ્થાવર મિલકતો એટલી બધી હતી કે મુકતા મા એ મિલકતો વેંચી નાખે તો પણ પોતાનું ગુજરાન સારી રીતે કરી શકે.

મુકતામા એ દિકરાઓ સામે ભરણપોષણનો દાવો કર્યો. દિકરઓને એમ હતું કે માત્ર ભરણપોષણ આપવાનું છે પરંતુ જયારે ખબર પડી કે મુકતા મા એ તેઓના પિતાના કાયદેસરના વારસદાર છે એટલું જ નહી અને ગામડાની અને મુંબઈની કોઈપણ મિલકતો એ મુકતા મા ની સંમતી અને સહી વગર વેંચી શકાય તેમ નહી, ઉપરાંત મુકતા માના પોતાના નામે પણ ઘણી મિલકતો હતી જેની મુકતામાને પણ ખબર ન હતી. આ બધુ લખવાનો અર્થ એ છે કે વ્યકિત અસામાન્ય સંજોગોમાં મુકાય ત્યારે હારી ન જવું. સમાજ સેવક અને કાયદાનો આશ્રય લેવો. આ બંને જગ્યાએથી યોગ્ય રીતે માર્ગદર્શન મેળવી શકાય છે.

રમેશદાદા અને મુકતાબેન જેવા અનેક ઉદાહરણો નજર સમક્ષ તરવરે છે. વૃધ્ધ માતાપિતા અને સિનિયર સિટીઝન એ માત્ર જીવનનિર્વાહ નહીં મળવાને કારણે કફોડી સ્થિતિમાં ન મુકાય અને આ પ્રકારની વયકિતઓને ત્વરીત રાહત મળે તે માટે ધી મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિઅર સિટિઝન્સ એક્ટ, ૨૦૦૭ અસ્તીત્વમાં આવ્યો છે.

ધી મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિઅર સિટિઝન્સ એક્ટ, ૨૦૦૭ કાયદાની કલમોની માહિતી સાથે મળીએ આવતે અંકે...

લગ્નજીવનમાં સૌથી અગત્યની વસ્તુ છે એકબીજા સાથે એડજેસ્ટમેન્ટ

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

વ્યવસાયિક મહિલાઓ ઘરકામ અને પોતાના ઓફિસ કામમાં ખૂબ જ વ્યસ્ત રહે છે. આ સમયે તે સૌથી અગત્યની જવાબદારી ભૂલી જાય છે. એ છે તેમનું લગ્નજીવન. તમામ જવાબદારીઓ સંપૂર્ણપણે નિભાવતી વ્યવસાયિક મહિલાઓ એક પત્નીનો ધર્મ સાબિત કરતા લગ્નજીવનને જ સમય નથી આપી શકતી. તો ચાલો આ સમસ્યાના ઉકેલ રુપે આ લગ્નજીવનને સફળ બનાવીએ.

લગ્નજીવનમાં સૌથી અગત્યની વસ્તુ છે. એકબીજા સાથે એડજેસ્ટમેન્ટ. આપણી ભારતીય સંસ્કૃતિમાં લગ્ન માત્ર બે વ્યક્તિઓનું પરંતુ બે પરિવારોનું મિલન ગણાય છે. બંને પરિવારોની રહેણીકરણી, ખાનપાન, પહેરવેશ અને સંસ્કૃતિ ઘણી અલગ અલગ હોય છે. જયારે કોઇ યુવતી લગ્ન કરી સાસરે આવે છે. ત્યારે તેને અનેક સ્તરો પર એડજેસ્ટમેન્ટ કરવા પડતા હોય છે. આ સાંભળવામાં કદાચ આશ્ચર્ય લાગે, પરંતુ જયારે એડજેસ્ટમેન્ટથી જિંદગીમાં પ્રેમ અને સ્નેહની વર્ષા થવા લાગે ત્યારે એડજેસ્ટમેન્ટની પરવા કોને હોય છે!

વિશ્વાસ ઉપર જ પતિ-પત્નીની લગ્નજીવનની ગાડી ટકેલી હોય છે. જો એ બંને એકબીજા ઉપર વિશ્વાસ નહીં કરે તો લગ્નજીવન સફળ નહીં બનાવી શકાય. એકબીજા ઉપર વિશ્વાસ રાખવા માટે ટ્રાન્સપરન્સી હોય એ જરુરી છે. કોઇ ત્રીજી વ્યક્તિ વચ્ચે આવે તો પણ આ વિશ્વાસ તૂટવો ન જોઇએ. તમારા પાર્ટનર સાથે તમામ નાની-મોટી બાબતો શેર કરો, તમારી ઓફિસની ચર્ચા કરો, આ ઉપરાંત તમારી અંગત બાબતો, મિત્રોની પણ વાતો કરો જેથી વિશ્વાસ ટકી રહે.

લગ્નજીવનમાં પતિ-પત્નીની વચ્ચે પ્રેમભર્યા સાથ અથે સહકાર હોવો જોઇએ. પછી તે અંગત હોય, પારિવારિક હોય, સામાજિક હોય કે પછી કારકિર્દીમાં પતિ-પત્ની વચ્ચે શારીરિક સુખની સંબંધ વધુ ગાઢ બને છે. પતિ-પત્નીએ એકબીજાની જરૂરિયાતો અને લાગણીનો અનુભવ કરી તેને પૂરા કરવાનાં પ્રયત્નો કરવા જોઇએ. જેથી તેમના વચ્ચે આત્મીયતા બની રહે. સફળ લગ્નજીવનનો શ્રેય તમારા બંનેના મૈત્રીભર્યા સંબંધોને પણ જાય છે. તમે તમારા જીવનસાથી સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરો. જેથી તમારો પાર્ટનર પોતાના મનની વાત ડર્યા વિના તમારી સાથે કરી શકે.

પતિ-પત્ની વચ્ચે સમજણ વિકસિત થવી જોઇએ. માત્ર જવાબદારીઓ નિભાવવાથી લગ્નજીવન સફળ થતું નથી. ઘણી વખત અમુક કારણોસર પતિ-પત્ની એકબીજાથી વિપરિત હોવા અને જુદા વિચારો હોવાને લીધે તેમની વચ્ચે પરસ્પર સમજણ વિકસી શકતી નથી. એવામાં જરુરી બની જાય છે કે બંનેએ એકબીજાના વિચારોનું સન્માન કરતાં એકબીજાને સમજવું, એકબીજાના કામને મહત્ત્વ આપવું અને તેની અગત્યતા સમજી તેમની મદદ કરવાથી પણ લગ્નજીવન મજબૂત બને છે.

પતિ-પત્નીએ પરસ્પર એકબીજા પ્રત્યે પ્રેમપૂર્ણ વ્યવહાર રાખવો અને એકબીજાને સમજવું તથા આપસી સમસ્યાઓનો ભેગા મળી ઉકેલ લાવવો જરુરી છે. તેમજ એકબીજા માટે આદર સન્માન પણ રાખવું જોઇએ. તમારા પાર્ટનર સાથે કોઇ ત્રીજી વ્યક્તિ સામે અણછાજતું વર્તન કરવું યોગ્ય નથી. જો તમારા પાર્ટનરથી કોઇ ભૂલ થઇ હોય તો તેને એકાંતમાં તેમની ભૂલ બતાવી આગળ એવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવા સમજાવો.

જવાબદારીઓ નિભાવવાથી જ લગ્નજીવન સફળ નથી બની જતું. પરંતુ એકબીજા સાથે બહાર જવાથી, સરપ્રાઇઝ પાર્ટી આપવાથી અને કોઇ એવું કામ કરો જેથી તમારા પાર્ટનરને ખુશી મળતી હોય. આવું કરી તમે તમારું લગ્નજીવન સફળ બનાવી શકો.

ઘણી વખત કોઇ એક પાર્ટનરનું હદથી વધુ બહાર રહેવા, દર વખતે કામ ઉપર જ ધ્યાન આપવા જેવા વ્યવહારને કારણે સંબંધોમાં દરાર ઉભી થઇ શકે છે. એવામાં સંબંધો બચાવી રાખવા માટે ઓછામાં ઓછા વર્ષમાં બે થી ત્રણ વખત તેમની સાથે બહાર ફરવા જવાનો પ્રોગ્રામ ગોઠવો.

કયારેક પતિ-પત્ની વચ્ચે વિવાદ થતા તેઓ મૌન ધારણ કરી લેતા હોય છે. વાતચીતથી મોટામાં મોટી સમસ્યાઓનો ઉકેલ કાઢી શકાય છે. માટે એકબીજા સાથે વાત કરો અને તમારી આવી પરિસ્થિતિમાં પોતાને બીજી વ્યક્તિની જગ્યાએ રાખીને વિચારવું જોઇએ જેથી વાત આગળ ન વધે અને તેનો પ્રેમપૂર્ણ ઉકેલ આવી જાય.

અમર ચિતારા વિન્સેન્ટ વાન ગોગનું જીવન આલેખતી 'લસ્ટ ફોર લાઇફ' નવલકથાનો અનુવાદ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

'મૂઢ બનીને હું ઊભો જ રહી ગયો. વિચારવાની કે શ્વાસ લેવાની શક્તિ પણ ઓસરી ગઇ. બે મિનિટ ઊભો રહ્યો હોઇશ કે વીસ મિનિટ એનું ભાન મને ન રહ્યું. આખરે પ્રયત્નપૂર્વક મેં મારી જાતને ગેલરીની નજરબંધીમાંથી છોડાવી. મને થયું : મને આટલે સુધી સ્પર્શી જનાર, આખું જીવન હું અંધ રહ્યો એવી ઉર્મિથી સભાન કરી દેનાર, એવો તે આ કોણ પુરુષ હતો?' અરવિન્ગ સ્ટોનના ઉદ્‌ગાર.

જે પુસ્તક હાથમાં લેતાં જ આપણા કવિ મકરન્દ દવે જે કાવ્ય રચે છે તેની કેટલીક પંક્તિઓ

'ખીલતાં, ખીલી રહેલાં, પીતવરણી પાંખડી
વેરી વિખેરી કયાંક ઢળતાં
કયાંક ઊભા વજ્રસમ ટટ્ટાર
સૂરજમુખીના મુક સંવાદોકને,
કયાં મને દોરી ગયો તું?'
આગળ હજી, આગળ હજી
ઓ રંગરેખાના પ્રવાસી!
આપું નવી આંખો, નવી પાંખો, નવો વિસ્તાર,
અને એ ગૉગ થઇ આવ્યો ધરા પર,

હાં, આટલી ભૂમિકા બાંધ્યા બાદ આજે મારે વાત કરવી છે. અનેરા ડિટેક્ટિવ અરવિન્ગ સ્ટોનની, અમર ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગનુંજીનન આલેખતી નવલકથા 'લસ્ટ ફોર લાઇફ' ના અનુવાદ વિષે... સળગતા જ્વાળામુખી. શિર્ષકથી ગુજરાતીમાં અનુવાદ વિનોધ મેઘાણીએ કર્યો છે. આ પુસ્તકમાંથી પસાર થતાં આઠ ખંડમાં વહેંચાયેલી આ નવલકથાની શરુઆતમાં લેખકનું નિવેદન અને નોંધ છે જે ઘણો મહત્ત્વનો પ્રકાશ પાડે છે અને વાચકને નવલકથાના પ્રવાહમાં લઇ જવામાં મદદરુપ બને છે. ૪૮૨ પાનામાં વિસ્તરેલા આ પુસ્તકમાં 'સળગતા સૂરજમુખી હાથમાં લેતાં મકરન્દ દવેનો કાવ્યાત્મક પ્રતિભાવ જેની થોડીક પંક્તિઓ મેં અહીં આપી છે તે પછી સ્મૃતિપંથે... કર કર લંબી બાંય' રુપે અનુવાદનું નિવેદન મળે છે. જે પ્રતમ આવૃત્તિ સમયે લખાયેલું છે. તે પછી 'અશ્રુની સૈયારીધારા રુપે અનુવાદ બીજી આવૃત્તિ સમયે નિવેદન ઉમેરણ રુપે મુકે છે.' છેલ્લે મૂળ લેખક અરવિન્ગ સ્ટોનનો પરિચય અને ટિપ્પણીઓ મુકાયેલ છે.

વિશ્વએ વિન્સેન્ટ વાન ગોગના મૃત્યુની શતાબ્દી ૧૯૯૦માં ઉજવેલી ત્યારે નેધરલેન્ડમાં ઉત્સવ જેવું વાતાવરણ હતું. વિન્સેન્ટના જન્મ દિવસે દેશ આખો આતશબાજીથી પ્રકાશમાન બની ગયો હતો. અસંખ્ય પુસ્તકો પ્રગટ થયા. ફિલ્મો બની અને બતાવાઇ, ટપાલની ટિકિટો બહાર પડી, સોવેનિયર્સ, વસ્ત્રો, ચિત્રોનાં અનુકૃતિઓ વીડિયો ફિલ્મો અને વિવિધ સ્મૃતિઓથી બજાર છલકાયાં.

જીવન દરમિયાન એક જ ચિત્ર ખપાવી શકનાર, આર્થિક ખેંચને કારણે પેટ ભરીને ખોરાક ન પામનાર વિન્સેન્ટ પૌષ્ટિક ખોરાકને અભાવે જાત-જાતના રોગોનો શિકરા બનીને માત્ર આડત્રીસ વર્ષની વયે મૃત્યુને ભેટેલો. તેની હયાતીમાં તેનું એક જ ચિત્ર (રેડ વિન્યાર્ડ) વેચાયું હતું. ૧૯૮૫માં એનું બીજું એક ચિત્ર (આઇરિસીઝ **IRISES**) પાંસઠ કરોડ ડોલરની કિંમતે વેચાયું હતું. અને એ જ ચિત્ર ૧૯૮૯-૯૦માં ગૂમ કિંમતે વેચાયેલું.

વિન્સેન્ટના ૧૮૯૦માં અવસાન પછી એના ભાઇ થિયોના પત્ની અને પુત્રે ઇંગ્લેન્ડ, બેલ્જિયમ, હોલેન્ડ અને ફ્રાન્સને ખૂણે ખાંચરેથી વિન્સેન્ટનાં ચિત્રો, આલેખનો અને પત્રો જમા કર્યા હતા. અને નેધરલેન્ડ સરકારના સહકારથી વાન ગોગ ફાઉન્ડેશન સ્થાપી રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. એ ચિત્રોના કાયમી પ્રદર્શનનો માટે આમસ્ટરડામમાં અને મધ્ય હોલેન્ડમાં ઓટરલો નેશનલ પાર્કની વચ્ચે મ્યુઝિયમો બાંધવામાં આવ્યા છે. વાન ગોગની જીવનકથા અને ફ્રેન્ચ, જર્મનમાં લખાયેલા બે-ચાર ચોપાનિયાંમાંથી મળતી વિગતો સિવાય વધુ કંઇ લેખકને ન મળતાં ન્યુયોર્કના સાર્વજનિક પુસ્તકાલયમાંથી અરવિન્ગ સ્ટોન વિન્સેન્ટે થિયો પર લખેલાં પત્રો વાંચ્યા ત્યારે તેને ખબર પડી કે વિન્સેન્ટે ચિત્રો દ્વારા કળાક્ષેત્રે જે યોગદાન કર્યું છે એટલું જ ભવ્ય યોગદાન પત્રો દ્વારા સાહિત્યક્ષેત્રે પણ કર્યું છે. ત્યારે આ વાર્તાનો કેટલો અંશ હકીકત હશે તે પ્રશ્નવાચકને જરુરથી થાય. કેમ કે સંવાદોની તો કલ્પના જ થઇ શકે. વાર્તાનો પ્રાસંગિક ભાગ જેમ કે માયાનું દૃશ્ય સંપૂર્ણતઃ કાલ્પનિક સર્જન છે. જેને કોઇ દસ્તાવેજી આધાર નથી. પેરિસમાં સેઝાન અને વાન ગોગનું મિલન જેવી વાત